સંપાદકીય

રાજકીય ક્ષેત્રમાં કાળા નાણાંના પ્રભાવ સામે સરકાર સક્રિય

સામાન્ય રીતે બજેટની પહેલાં અને પછી સામાન્ય નાગરિકોથી માંડીને મોટા ઉદ્યોગપતિઓ સૌને ઉચાટ અને ચિંતા રહેતા હોય છે. આ વખતે સૌ પ્રથમ વખત એમ બન્યું છે કે બજેટ રજૂ થયા બાદ રાજકીય પક્ષોના મનમાં ઉચાટ અને ચિંતાની લાગણી છે. નાણામંત્રી અરુણ જેટલીએ બજેટની દરખાસ્તોમાં રાજકીય પક્ષો માટે રોકડ દાન લેવાની મર્યાદા વીસ હજારથી ઘટાડીને માત્ર બે હજાર રૂપિયાની કરવાનો સમાવેશ કર્યો છે. કાળાં નાણાંને અંકુશમાં લેવા સક્રિય બનેલી કેન્દ્ર સરકારે સંખ્યાબંધ પગલાં લીધાં છે, હવે રાજકીય ક્ષેત્રમાંથી કાળાં નાણાંના વ્યાપને દૂર કરવા સરકારે કમર કસી છે. આ અનુસંધાનમાં આ વખતના કેન્દ્રીય બજેટમાં રાજકીય પક્ષોને મળતા રોકડ દાનની મર્યાદા સાવ મામૂલી કરી નાખવાની દરખાસ્ત છે. આ દરખાસ્ત તો હજી શરૂઆત હોવાના સંકેત મળી રહ્યા છે. આગળ જતાં રાજકીય પક્ષોએ તેમના આવક અને જાવકના હિસાબો આપવાનું અનિવાર્ય બનાવાશે. આ માટે ટૂંક સમયમાં કાયદો આવી રહ્યો છે. રાજકીય પક્ષો માટેના આ પ્રસ્તાવિત કાયદા મુજબ રાજકીય પક્ષો જો ડિસેમ્બર મહિના સુધી તેમના આ હિસાબો જમા ન કરે તો તેમને મળતો આવકવેરા માફીનો લાભ પાછો ખેંચી શકાશે. આપણે ત્યાં એકદમ ખર્ચાળ ચૂંટણીઓ માટે રાજકીય પક્ષોને ઉદ્યોગપતિઓ અને અન્ય દાતાઓની આર્થિક મદદ પર આધારિત રહેવું પડતું હોવાની વાત હવે જગજાહેર છે. પણ આ દાનને લીધે લોકશાહીની પ્રક્રિયામાં અમાપ કાળાં નાણાંનો વહેવાર થતો હોવાની છાપ સતત મજબૂત બની રહી છે. આમ તો આપણા ચૂંટણીપંચે દરેક ચૂંટણીમાં ઉમેદવાર દ્વારા કરાતા ખર્ચની મર્યાદા બાંધેલી છે, પણ કમભાગ્યે ચૂંટણીઓમાં રાજકીય પક્ષોના ખર્ચ પર કોઇ મર્યાદા નથી. આ છટકબારીનો લાભ લઇને ઉમેદવારો તેમના પક્ષના નામે બેફામ ખર્ચ કરતા રહે છે. હવે રાજકીય પક્ષોના ખર્ચના હિસાબો લઇને સરકાર ચૂંટણીઓમાં પોતાના પક્ષના નામે ખર્ચ કરતા ઉમેદવારોની ઉપર તવાઈ લાવવા માગે છે. આમ દાનની મર્યાદાને લગતી બજેટની જોગવાઇ અને તે પછી ખર્ચના હિસાબો અંગેના કાયદાથી દેશના રાજકીય ક્ષેત્રમાં કાળાં નાણાંના પ્રભાવ અને ચલણની ઉપર અંકુશ આવશે એવી આશા રાખી શકાય. પણ રાજકીય પક્ષો આ પગલાંને કેટલી હદે સફળ થવા દેશે એ ખાસ જોવાનું રહેશે. જાહેર મંચો પરથી નાગરિકોને સાદગી અને પ્રામાણિકતાના પાઠ શીખવતા રાજનેતાઓ જ્યારે તેમના પોતાના આચરણનો સમય આવે છે ત્યારે બધા ધોરણો વિસારી જતા હોવાની એક છાપ દેશમાં છે. બે હજારના દાનની મર્યાદા અંગે એમ મનાય છે કે આ પગલું જોઇએ એવું સફળ રહે તેની સામે એક સવાલ છે. અગાઉ પણ જ્યારે દાનની મર્યાદા વીસ હજાર રૂપિયાની કરાઇ હતી ત્યારે મોટી રકમને નાની વીસ-વીસ હજારની બેનામી પહોંચોમાં વહેંચીને તેને ચોપડે બતાવાતી હતી. તો હવે કદાચ બે હજારની પહોંચ બનાવવામાં પક્ષોને ઘણી વધુ મહેનત કરવી પડશે એટલો જ ફર્ક પડશે એમ મનાઇ રહ્યંુ છે.

કોમોડિટી બજારોની કાયાપલટ માટે ગોઠવાતો તખ્તો

દેશના કોમોડિટી વાયદા બજારોની કાયાપલટ કરવા માટે બજારના નિયામક સેબી દ્વારા શ્રેણીબદ્ધ પગલાં લેવાઈ રહ્યા છે. તાજેતરમાં એરંડા વાયદા ફરી શકરાતાં કોમોડિટી વાયદા બજારોમાં નવી ચેતનાનો સંચાર થયો છે. હવે આગામી પગલું ઓપ્શન્સમાં ટ્રેડિંગ શરૂ કરવાનું છે, જે બજારમાં નવા પ્રાણ પૂરશે એવું બજારમાં ચર્ચાઈ રહ્યું છે. ત્યારબાદ ટૂંક સમયમાં ચા, મરી, આયર્ન ઓર, ડાયમંડ, બ્રાસ વગેરે ચીજોના વાયદા પણ ચાલુ કરવાનો તખ્તે ગોઠવાઈ રહ્યો છે.

કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટે ૨૦૦૩માં પુનરુત્થાનથી લાંબી મજલ કાપી છે. કોમોડિટી એક્સચેન્જો પર કામકાજનું પ્રમાણ વધ્યું હોવાની સામે ખેડૂતો એક્સચેન્જ પર પોતાના ઉત્પાદનોનું વાસ્તવમાં હેજિંગ કરે છે કે નહી તે હજી ચર્ચાનો વિષય છે. શું ખેડૂતો માટે વાયદાનો વેપાર ઉપયોગી છે? જેનો જવાબ હા છે. કારણ કે ખેડૂતો વાવેતરના કે લણણીના સમયે જ વાયદાના મંચ પર ભાવ બાંધી લઈને સીધો લાભ મેળવી શકે છે અને આ રીતે ભાવ જોખમના પ્રબંધનો સીધો લાભ પ્રાપ્ત કરી શકે છે, જે ઘણી કોમોડિટીઝના સહભાગીઓ માટે નાણાંકીય સ્થિરતા પ્રદાન કરવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે.

ભાવ શોધ માટે વાયદા ઉમ છે, પણ હેજિંગના સાધન તરીકે જ્યારે આપણે વાયદાનો ઉપયોગ કરતા હોઈએ ત્યારે વાયદાની પોઝીશન આપણી દિશાથી ઊલ્ટી ચાલે તો તેમાં નોંધપાત્ર રોકડ પ્રવાહ સંડોવાઈ જતો હોય છે. આના માટે ખરીદી ઓપ્શન્સ (બાયિંક ઓપ્શન્સ) વિશ્વસ્તરે ઉપયોગમાં લેવાય છે. નોંધપાત્ર બાબત એ છે કે આનો ઉપયોગ કરનાર ખેડૂતોને ઓપ્શન્સ વધતા ભાવનો પૂરેપૂરો લાભ આપે છે, જેમાં ઓપ્શન્સના પ્રીમિયમરૂપે રોકડ એક્સ્પોઝર મર્યાદિત રહેતાં ખોટમાં ઘટાડો થાય છે. આ પ્રકારનો મંચ બલ્કમાં ખરીદી કરવાની સામે તબક્કાવાર ખરીદીની અને ભાવની વધઘટથી દૂર રહેવા સંગ્રહની છૂટ પૂરી પાડે છે. આમાં સૌથી મોટો લાભ કૃષિ ક્ષેત્રને થાય છે.

તેનાથી ન માત્ર ખેડૂતોમાં નાણાંકીય સમજ લાવવામાં મદદરૂપ બનશે, પરંતુ તેમને પાકની ઢબનો નિર્ણય લેવામાં પણ સહાયરૂપ બનશે, કારણ કે તેઓ ભવિષ્યમાં સરળતાથી બજારલક્ષી ઉત્પાદનોનું જ વાવેતર કરવા પ્રેરાશે અને આજે વેચીને આગલો ભાવ બાંધી લઈ શકશે. વાયદાના કોન્ટ્રેક્ટ્સ ખેડૂતોને ઘટતા ભાવ સામે છત્ર પૂરું પાડે છે, પરંતુ જો ભાવ વધે તો વધતા ભાવનો લાભ ખેડૂતોને વાયદા અપાવી શકતા નથી, એટલા માટે બજારના સહભાગીઓ માટે દઓપ્શન્સ' હોવા જરૂરી છે. ઓપ્શન્સ લણણીના સમયે ભાવ ઊંચા હોય તો ખેડૂતોને વધવાતરફી ભાવનો લાભ કરાવે છે.

આ ઓપ્શન્સમાં જે રીતે કામગીરી થાય છે તે તદ્દન સરળ છે. ખેડૂત પોતાના અનુકૂળ ભાવે વેચાણ કરવા કોન્ટ્રેક્ટના સમયે પ્રીમિયમની ચુકવણી કરે છે. ભાવ નીચા હોય તો તે કોન્ટ્રેક્ટ કરશે પણ ઊંચા જાય તો તેણે વેચવાની જરૂર રહેતી નથી અને પ્રીમિયમ જપ્ત કરાવી શકે છે. ઓપ્શન્સ ધારકને અધિકાર આપે છે, પણ પાકવાના સમયે કોન્ટ્રેક્ટની અમલબજાવણીનું દાયિત્વ તેમના પર હોતું નથી. આ પ્રીમિયમ તે એક ભાવ છે, જેને ઓપ્શન ખરીદનાર દ્વારા ઓપ્શનના વેચનાર (રાઈટર)ને ઓપ્શન કોન્ટ્રેક્ટ માટે ચુકવણી કરવી પડે છે. પ્રીમિયમનું નિર્ધારણ માગ-પુરવઠાના પરિદ્દશ્ય પર નિર્ધારિત થાય છે. ઓપ્શનના ખરીદનાર માટે મહતમ ભાવ જોખમ પ્રીમિયમની રકમ અને બ્રોકરેજ ચાર્જિસની રકમ સીમિત રહે છે. કોલ ઓપ્શન્સ ધારકને સંબંધિત કોમોડિટીની ખરીદી કરવાનો અને પુટ ઓપ્શન્સ તેમને કોમોડિટીનું વેચાણ કરવાનો અધિકાર આપે છે. ઓપ્શન્સની અમલબજાવણી પાકતી તારીખના સમયે (યુરોપિયન) કે તે પહેલાં કોઈપણ સમયે (અમેરિકન) કરી શકાય છે.

હવે આપણે એ જોઈએ કે ફ્યુચર્સ અને ઓપ્શન્સ વચ્ચે તફાવત શું છે. ફ્યુચર્સ એ ઓપ્શન્સ કરતાં થોડું જોખમી છે, કારણ કે ફ્યુચર્સ ખરીદનાર કે વેચનારે દૈનિક ધોરણે માર્ક-ટુ-માર્કેટ પોઝિશન સુલટાવવી પડે છે. માર્ક-ટુ-માર્કેટ એટલે કોન્ટ્રેક્ટના બજાર ભાવ અને તેની ખરીદી કે વેચાણ ભાવ વચ્ચેનો ફરક. વાયદાની જેમ ઓપ્શન્સમાં પણ વેચનારને કોન્ટ્રેક્ટની કુલ રકમની સામે અમુક પ્રીમિયમ ચુકવવું પડે છે. આ પ્રીમિયમની રકમ વાયદા કોન્ટ્રેક્ટ દ્વારા ચાર્જ થતા માર્જિનની તુલનામાં ઓછું હોય છે. ઓપ્શન્સમાં માર્ક-ટુ-માર્કેટનું સેટલમેન્ટ રોજ થતું નથી એટલે નુકસાન પ્રીમિયમ પૂરતું સીમિત રહે છે, પરંતુ નફો અમર્યાદિત મળે છે.

વાસ્તવમાં જોઈએ તો બહુ ઓછા ખેડૂતો હેજિંગ માટે કોમોડિટી એક્સચેન્જોનો ઉપયોગ કરે છે. વાયદાની તુલનામાં ઓપ્શન્સ ટ્રેડિંગનો ખર્ચ ઓછો અને નુકસાન સીમિત હોવાથી ખેડૂતો માટે ઓપ્શન્સ ટ્રેડિંગ હેજિંગનો સારો વિકલ્પ સાબિત થઈ શકે તેમ છે. હવે આ ઓપ્શન્સમાં ટ્રેડિંગનો પ્રારંભ કરતી વખતે બજારોના નિયામક સેબીએ એ નિર્ણય લેવાનો રહેશે કે ઓપ્શન્સની પતાવટ રોકડેથી કરવી કે ડિલિવરી દ્વારા કરવી. મોટાભાગના ફ્યુચર્સ કોન્ટ્રેક્ટ્સની પતાવટ ડિલિવરી દ્વારા થાય છે અથવા પાકતી તારીખ પહેલાં તેના સુલટાવવામાં આવે છે.

ટ્રમ્પની ઈમીગ્રેશન નીતિને પડકારનારા પણ છે

વિશ્વભરમાં એ ચર્ચા પણ થઈ રહી છે કે શું અમેરિકા લ્લ-૧-મ્ વિઝાના કાયદામાં ફેરફાર કરીને વીઝા ધરાવનારનો પગાર બમણો કરવાનું બીલ પાસ કરશે ? જ્યાં પ્રશ્નાર્થ આવે છે ત્યાં અનિશ્ચિતતા આવે છ. આ અનિશ્ચિ સ્થિતિના કારણે ટીસીએસ, ટેક મહેન્દ્ર અને એચસીએલ ટેકનોલોજીના શેરોનું ધોવાણ થયું છે. ભારતની ઈન્ફોર્મેશન ટેકનોલોજી કંપનીઓ અને સિલિકોન વેલીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે બાંયો ચઢાવવાની તૈયારી કરી છે.

જો આ એચ૧ બી વિઝાના કાયદામાં સુધારોથશે અને વિઝા ધરાવનારને બમણો પગાર ૧.૩૦ લાખ ડોલર) આપવાનો આવશે તો આઈ.ટી. કંપનીઓને થોડા સમય માટે ફટકો વાગશે પછી તે મેનેજ કરી લેશે.

આમ પણ, જ્યારથી અમેરિકાના લોકોમાં બેરોજગારીનું પ્રેશર વધ્યું છે ત્યારથી આઈ.ટી. કંપનીઓએ એચવન બી વિઝા ધરાવનાર પર આધાર રાખવો ઓછો કરી નાખ્યો હતો પરંતુ આઈબીએમ, એસેન્ચર અને માઈક્રો સોફ્ટે એચ-વન-બી વિઝા હેઠળ વધુ ને વધુ એન્જિનિયરોને અમેરિકા મોકલ્યા હતા.

જ્યારે ટ્રમ્પે ચૂંટણી પ્રચારમાં હાયર અમેરિકન એન્ડ ફાયર આઉટસાઈડર્સ કહ્યું ત્યારે ગેરકાયદે વસતા લોકોએ તેમને હસી કાઢ્યા હતા પરંતુ સ્થાનિક અમેરિકનોના દિલમાં આ વાત સોંસરવી ઉતરી ગઈ હતી.. દિલમાં ઉતરી ગયેલી આ વાત મતરૂપે બહાર આવી હતી.

જેને સૌથી વધુ ધિક્કારતા હતા તેણે સત્તા પર બેસતાની સાથે જ બેરોજગારી દૂર કરવાના પગલા લેવા શરૂ કરતા તેના વિરોધીઓએ હથિયાર હેઠા મૂકવા શરૂ કરી દીધા હતા.

એચ-વન-બી વિઝા જેટલા ઈસ્યુ થયા છે તે પૈકી ૬૯ ટકા ભારતીયો છે. આ ટકાવારીમાં ગયા વર્ષે ઉછાળો આવ્યો હતો કેમ કે અનેક મલ્ટીનેશનલ કંપનીઓ ભારતના લોકોને કામ પર રાખવા લાગી હતી. એક તરફ નવોદિત એન્જિનિયરોને અમેરિકાનું ઘેલું લાગ્યું હતું તો બીજી તરફ અમેરિકાની ટોપની કંપનીઓને ઈન્ડિયન બ્રેઈન ફાવી ગયું હતું.

૨૦૧૫માં ૧૦૯,૨૯૨ જેટલા એચ વન-બી વિઝા મંજૂર થયા હતા. તે પૈકીના ૨૩ ટકા તો અમેરિકાની ટોપ-૧૦ આઈ.ટી. કંપનીઓમાં જોબ પર લાગી ગયા હતા જ્યારે આઈબીએમ અને એસેન્ચરમાં ૧૮ ટકાને નોકરી મળી હતી.

૨૦૧૪-૧૫માં એવી સ્થિતિ હતી કે, વિઝાની અરજીઓમાં મોટા પાયે ઘટાડો થયો હતો. ૩૯ ટકા જેટલા આ ઘટાડાના કારણે ટી.સી.એસ., વિપ્રો, ઈન્ફોસીસ, ટેક મહેન્દ્ર, એચસીએલ જેવી કંપનીઓમાં નવા બ્રેનની અછત વર્તાતી હતી.

એવું પણ નથી કે અમેરિકાના સ્થાનિક એન્જિનિયરોને કોઈ કંપની કામ પર નથી રાખતી એક અહેવાલ અનુસાર છેલ્લા એક દાયકામાં અમેરિકામાંની ભારતીય કંપનીઓએ ૫૦,૦૦૦ જેટલા સ્થાનિક સોફ્ટવેર એન્જિનિયરોને નોકરી પર રાખ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પના ઈમિગ્રેશન અંગેના ઓર્ડર સામે કોર્પોરેટ સર્કલ અને લીગલ સર્કલ વિરોધ કરશે. ટ્રમ્પે તો એચ-વનબી વિઝા ધરાવનારાઓને ટાર્ગેટ બનાવ્યા છે પરંતુ હવે તેનો વિરોધ કેવી રીતે કરવો તે વિચારાઈ રહ્યું છે. કેમ કે ટ્રમ્પની નીતિનો વિરોધ એટલે અમેરિકી સરકારને છંછેડવી !

એચ-વન-બી વિઝા પર ડોનાલ્ડ ટ્રમ્પની તરાપથી ભારતના આઈ.ટી. ઉદ્યોગો બંધ થઈ જશે તે વાતમાં બહુ દમ નથી. અમેરિકામાં કામ કરતી ભારતી આઈ.ટી. કંપનીઓએ જરૂરિયાત પ્રમાણે સ્થાનિક અમેરિકન એન્જિનિયરોને કામ પર રાખ્યા છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્ર સતત ક્રિએટીવ અને ઈનોવેશનને વરેલું છે. આ ક્ષેત્રે સ્પર્ધા પણ ગળા કાપ છે.

ભારતથી જતા હાઈલી ક્વોલીફાઈડ સોફ્ટવેર એન્જિનિયરોની સરખામણીમાં અમેરિકાના એન્જિનિયરો ઓછી ક્વોલીફી કેશનવાળા છે સ્થાનિક એન્જિનિયરો લોકો પ્રમાણે કામ કરે છે. જ્યારે ભારતના એન્જિનિયરો કામને વળગી રહે છે.

અમેરિકાના બેરોજગારોની ચિંતા પ્રમુખ ટ્રમ્પને થાય એ સ્વાભાવિક છે. પરંતુ તેમના માટે નવી નોકરીઓ ઉભી કરવાના બદલે એચ-વન-બી વિઝા ધરાવનાર પર તરાપ મારવાનું ટ્રમ્પનું ગણિત સમજી શકાતું નથી.

ટ્રમ્પના નિર્ણયને કેવી રીતે પ્રત્યાઘાત આપવા તેની મંત્રણા ચાલે છે. ભારતના ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઉદ્યોગ સાથે સંકળાયેલા ટોચના લોકો ડોનાલ્ડ ટ્રમ્પને મળવા જવાના છે.

અમેરિકામાં કામ કરતા ભારતના સોફ્ટવેર એન્જિનિયરો ભારતમાં વસતા કુટુંબીજનોની ચિંતા વધી છે. તે જાણી ગયા છે કે અમેરિકામાં હવે તેમના સંતાનનું ભાવિ અનિશ્ચિત છે.

તેમણે પોતાના સંતાનને અન્યત્ર શિફ્ટ થવાના આઈડિયા અંગે વિચારવાની સલાહ પણ આપી છે.

જે સોફ્ટવેર એન્જિનિયરોની અમેરિકામાં ડીમાન્ડ હતી તે બધા હવે કેનેડા યુરોપ તરફ નજર માંડીને બેઠા છે.

લ્લ૧-મ્ વિઝાના કાયદામાં સુધારાનો મુસદ્દો પાસ થાય કે ના થાય પણ ટ્રમ્પ નામનો વાઘ લોહી ચાખી ગયો છે તે એટલું સમજી ગયા છે કે અમેરિકામાં બહારથી આવેલા લોકો સ્થાનિક લોકોને આર્થિક નુકસાન પહોંચાડીને તેમને બેરોજગાર બનાવી રહ્યા છે.

ટ્રમ્પની નજર ગેરકાયદે વસતા લોકો પર પણ છે. તેમના શપથને હજુ ૧૨ દિવસ માંડ થયા છે ત્યાં તો તેમણે ઉપરાછાપરી ટોર્પિડો છોડવા માંડયા છે. ટ્રમ્પની વિઝા નીતિનો વિરોધ ભલે થાય પણ વાઘ લોહી ચાખી ગયો છે એટલે બહારથી આવેલા પર તે ફરી ત્રાટકી શકે છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે લડનારા પણ છે. જાયન્ટ સોફટવેર કંપનીઓ તો બાંયો ચઢાવે જ છે પરંતુ હવે ટ્વીટર પણ ૧૬ લાખના ફંડ સાથે ટ્રમ્પની સામે પડશે. અમેરિકાની સિવિલ લિબર્ટી યુનીયન પણ ટ્રમ્પ સામે લડત આપશે. માઈક્રોસોફટે ટ્રમ્પના વહિવટીતંત્રને વિનંતી કરી છે કે અમારી કંપનીને આ કાયદાથી દુર રાખો. ગૂગલ, એમેઝોન, એપલ સહિતની કંપનીઓ વિરોધ કરી ચૂકી છે. ઘણી કંપનીઓએ એચ-વન-બી વિઝાનો ઉપયોગ કરીને ભારતના એન્જીન્યરોને અમેરિકા મોકલ્યા છે. જોકે અમેરિકાને બેરોજગારોનો પ્રશ્ન સતાવી રહ્યો છે.

ભારતની આઈટી કંપનીઓનું પ્રતિનિધિમંડળ ટ્રમ્પને સમજાવશે કે વિઝા નીતિ અંગે અમારો મત પણ સાંભળો. જોકે ટ્રમ્પ કેવું રીએકશન આપશે તેની ખબર નથી. ટ્રમ્પ સ્થાનિક સ્તરે બેરોજગારીનો ઉકેલ તેમની પાસે માગશે. ટ્રમ્પ સાથે મંત્રણામાં હાજર-જવાબી લોકો જોઈશે. પ્રતિનિધિમંડળ ક્યારે મળશે તેની તારીખ હજુ ટ્રમ્પના વહિવટીતંત્રે આપી નથી.

અમેરિકાના બેરોજગારો આઈટી કંપની માટે ફીટ છે ખરા ?

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો વિરોધ ભલે વિશ્વભરમાં થાય પરંતુ અમેરિકામાંના બેરોજગારો તેમની પ્રશંસા કરી રહ્યા છે. બહારથી આવેલા લોકોને રોજગારી મળી રહે અને સ્થાનિક લોકો બેકાર ફર્યા કરે તે ટ્રમ્પને ખૂંચે છે. બેકારીના કારણે અમેરિકાના યુવાનો ડ્રગ્સના રવાડે ચઢી ગયા હતા. માત્ર સોફટવેર કંપનીની સમસ્યા નથી પણ અન્ય કામોમાં પણ બહારથી આવેલાઓ સસ્તા દરે મજૂરી કરતા હોય છે જેથી સ્થાનિક લોકોને કામ મળતા નથી.

ચોથી ઔદ્યોગિક ક્રાંતિના પડધમ વાગે છે ત્યારે વિશ્વમાં લાખો રોજગારીઓ ભયમાં

રોબોટિક્સ, ઓટોમેશન, ઈન્ટરનેટ, ક્લાઉડ આધારિત તકનિકો અને ઈન્ટરનેટના ધમાકેદાર આગમનને કારણે લોકોની વિચાર કરવાની કામ કરવાની અને સરેરાશ જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે. જો કે આને કારણે લાખો નોકરીઓના અસ્તિત્વ પર જોખમ ઝળૂંબી રહ્યું છે. એવું નથી કે આ તમામ ક્રાંતિઓ આવતી કાલે દસ્તક દેવાની છે.

ઉલટ આ તમામ ટેકનોલોજીઓ વિશ્વના નાગરિકોના જીવનમાં ઘર કરી ગઈ છે. માત્ર આની વરવી અને અવળી વાસ્તવિક્તા છતી થવાને આડે બે ત્રણ વર્ષની વાર છે. આ સંજોગોમાં સરકાર, વૈશ્વિક મંચો, કંપનીઓ, ટેકનોલોજી કંપનીઓ ઈત્યાદિ લાગતાવળગતા તમામે સમયના વહેણને પારખીને આ તમામ આવિષ્કારો સાથે પનારો પાડતા શખી લેવું પડશે. કર્મચારીઓની અન્ય કુશળતા પારખી એમને નવેસરથી તાલીમ આપવી પડશે.

હજી પાંચેક વર્ષ અગાઉ ઓટોમોબાઈલ ઉદ્યોગે ઈલેક્ટ્રિક અને હાઈબ્રીડ વેહિકલ પર સંશોધન કરવા પાછળ ધ્યાન કેન્દ્રિત કર્યું ત્યારે એમ લાગતુ હતું કે એન્જીનિયરોએ આ ઉદ્યોગમાં જવા નવી વિધાશાખમ પારંગત બનવું પડશે. જો કે હાલમાં કરેલા એક સંશોધનના તારણ પ્રમાણે ઓટોમેશન અને રોબોટીક્સના પગપેસારાને કારણે ઓટો ઉદ્યોગમાં લાખો નોકરીઓ છીનવાઈ જશે. એ દિવસ પણ દૂર નથી કે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ઓટોમાઈઝેશનને કારણે સ્ટીયરીંગ વ્હીલ આગળથી ડ્રાઈવર ગાયબ થઈ જાય.

કોઈપણ ઉદ્યોગની એસેમ્બલી લાઈન પર રોબોટ મનુષ્ય કરતા વધુ સસ્તો અને પારંગત સાબીત થયો છે. જેને કારણે ફેક્ટરીઓ અને વર્કશોપમાં ઉત્પાદન વધ્યું છે અને વધુ સલામત બન્યું છે. હવે સમસ્યા એટલી જ નથી જે ગામને પાદરે પહોંચી ચૂકી છે.

તકનિકી ન્વોન્મેષોની સુનામી વધુ વેગવાન અને બહુઆયામી બની છે. આ લખાય અને વંચાય એ બે ચાર દિવસોમાં વિશ્વમાં, ખાસ કરીને સિલીકોન વેલીમાં અનેક એવી ચીજોના આવિષ્કારના મૂળીયાં નવાઈ ગયા હશે.

જેની હમણા મનુષ્યને કલ્પના સુદ્ધા નહીં હોય. ઝળૂંબી રહેલી ચોથી ઔદ્યોગિક ક્રાંતિમા તમામ પ્રકારની તકનીકો એક બીજાને પૂરક છે અને એમની સંયુક્ત તાકાત વિશ્વને એનો ખરો પરચો ક્યારે આપશે એ હાલમાં કળવુ પણ મુશ્કેલ છે. રોબોટિક્સ, નેનો ટેકનોલોજી, વર્ચ્યુઅલ રિયાલિટી, થ્રી ડી પ્રિન્ટિંગ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ અને એડવાન્સ બાયોલોજી એકબીજામાં એકાકાર થઈ જશે અને એના પરિણામ નવા પરિમાણોની રચના કરશે.

આગામી સમયગાળો ટેકનોલોજીને આધીન હશે અને કોઈપણ વ્યક્તિ, સંસ્થા, કંપની, સમાજ, સરકાર, ગ્રાહક, ઉત્પાદનોનું વિતરણ સહિત જીવનને સ્પર્શતુ એક પણ પાસુ આના પ્રભાવથી બાકાત નહીં રહી શકે. આની અસરોથી બચવુ એ દુશ્કર નહીં પરંતુ અસંભવ થશે.

આગામી બે દાયકામાં એવા ક્ષેત્ર, નહીંયવ હશે જેના પર આજે શોધાયેલી અને ભવિષ્યમાં શોધાનારી ટેકનોલોજીનો ગહેરો પ્રભાવ ન પડયો હોય. એક અભ્યાસ પ્રમાણે આગામી બે દાયકામાં આ તકનીકોના સંયુક્ત આક્રમણને કારણે માત્ર અમેરિકામાં અડધોઅડધ રોજગારીઓ નાબૂદ થઈ જશે.

પહેલ વહેલી ઔદ્યોગિક ક્રાંતિ બ્રિટીશ નાગરિકોનો ઘરેથી થતી નોકરીઓને કારખાનાઓમાં દોરી ગઈ અને એ સમયગાળો અચાનક આવેલા પરિવર્તનને પચાવી ન શકતા લોહિયાળ બની રહ્યો. આની સામે બીજી ઔદ્યોગિક ક્રાંતિ આથી ઉલટ રહી.

ઈલેટ્રિફિકેશન, મોટે પાયે ઉત્પાદન, નવી ટ્રાન્સપોર્ટેશન અને કમ્યુનિકેશન નેટવર્કને કારણે લોકોની સુખ સગવડોમાં જ વૃદ્ધિ ન થઈ, પરંતુ દ્વિતીય ક્રાંતિને કારણે નવા મધ્યમવર્ગ અને નવી નોકરીઓનો જન્મ થયો. ત્રીજી ક્રાંતિ થકી ઉત્પાદનમાં ઓટોમેશનનું ચલણ વધ્યું. જો કે એ યુગમાં મનુષ્યોની નોકરીઓ ઉત્પાદન ક્ષેત્રથી ફંટાઈ આઈટી એન્ડ કમ્યુનિકેશન તરફ વળી.

૧૯૭૦ના દાયકામાં ઓટોમેટેડ ટેલર મશીન (એટીએમ)ના પગરણ થયા ત્યારે પણ જો કે એમ મનાતુ હતુ કે રિટેલ બેન્કિંગ ક્ષેત્ર ખાડામાં ગયું. જો કે આ બાબત સત્ય પૂરવાર ન થઈ. માત્ર કામનો પ્રકાર ફેરવાયો. એટીએમ એનુ કામ કરતા ગયા અને બેન્કિંગનો કર્મચારી ગ્રાહક તરફ ફોક્સ કરતો થયો.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, B-4 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4.

ઝી થિયેટર દ્વારા સુરત ખાતે ‘બડે મિયાં દિવાને’ની રજૂઆત કરવામાં આવશે

સુરતઃ અગ્રણી ગ્લોબલ કન્ટેન્ટ કંપની ઝી એન્ટરટેનમેન્ટ એન્ટરપ્રાઈઝીસ લિ.ની અનોખી ઓફરીંગ ઝી થિયેટર દ્વારા તેની પ્રથમ થિયેટર ટૂરનુ આયોજન થયુ છે જેમા સુરત ખાતે મ્યુઝિકલ કોમેડી પ્લે ‘બડે મિયાં દિવાને’ની રજૂઆત કરવામાં આવી છે. ઈમરાન રશીદ દ્વારા દિગ્દર્શિત આ નાટકમાં ઈમરાન રશીદ, પવન ઉત્તમ, મોહમ્મદ ફારૂખ સાયર, ગગન દેવ રિયાર, સારિકા સિંઘ, રાઘવ દત્ત, તૃષા કાલે, મુઝામિલ કુરૈશી, મંજિરી પુપાલા, ઈદરાક હશમત, યાસિર ઈફ્તિખાર ખાન, રૂખસાર રહેમાન, આકૃતિ સિંઘ, પાર્વતી નિર્બાન, સ્વપ્રિલ શ્રીરાવ, સંજય દધિચ, મોહમ્મદ ખાલિક સામેલ છે. આ નાટકનું આયોજન સંજીવ કુમાર ઓડિટોરિયમ ખાતે શનિવારે ૧૧ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવશે.

આ નાટક તરંગી અને અમીર વૃદ્ધ મીર સાહબ વિશેનું છે જેઓ લક્ઝરિયસ જીવન જીવે છે અને તેઓ પડોશમાં રહેતી એક સુંદર યુવતીની પાછળ પાગલ છે. જે યુવતી તેમના પુત્રના પ્રેમમાં હોય છે.

ઈમરાન રશીદે નાટકે કહ્યું હતું, ‘બડે મિયાં દિવાને મારા જીવનમાં સૌથી મોટો હિસ્સો છે. અમે ૨૦૧૨થી આ કરી રહ્યા છીએ અને હું એ વાતથી રોમાંચિત છું કે બડે મિયાં દિવાને વિવિધ શહેરોની મુલાકાત લે છે. મને ગૌરવ છે કે ઝી થિયેટરે તેની ૧૫ શહેરોની ટૂરમાં બડે મિયાં દિવાનેને સામેલ કરવાનું નક્કી કર્યું છે. હું સુરતમાં સંપૂર્ણપણે ઉત્તમ પર્ફોર્મ કરવા આતુર છું.’ (૧૯-૮)

‘કાર્તિક અને નાઈરાનાં લગ્નની બારાત તમારા શહેરમાં આવી રહી છે’

સ્ટાર પ્લસનો સૌથી લોકપ્રિય શો યે રિશ્તા ક્યા કહેલાતા હૈ, કાર્તિક અને નાઈરાનાં એક પરિણીત યુગલ તરીકે એક થવા સાથે ૨૦૧૭નાં સૌથી મોટા લગ્ન માટે તૈયાર થઇ રહ્યો છે. દર્શકો છેલ્લા આઠ વર્ષથી શો પર પ્રેમ છલકાવી રહ્યા છે અને હવે તેમને તેમનાં પ્રિય પાત્રોની નજીક લાવવા માટે, નિર્માતાઓ પહેલી જ વખત આવી પહેલ કરી રહ્યા છે.

લોકપ્રિય પાત્ર કીર્તિ ગોએન્કા (મોહેના કુમારી સિંઘ દ્વારા અભિનીત) અને વર્ષા (પૂજા જોશી અભિનીત) નાઈરા અને કાર્તિકનાં લગ્ન માટે સૌથી જોશીલા બારાતીને શોધવા માટે ગુજરાતની ભૂમિની મુલાકાત લેશે. નાઈરા અને કાર્તિકની રમણીય બારાત બે દિવસ એટલે કે રવિવાર, ૫મી ફેબ્રુઆરી અને સોમવાર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી એ અંકુર ચાર રસ્તા (નારણપૂરા), સહજાનંદ કોલેજ, ઈસ્કોન મેગા મોલ, અમદાવાદ યુનીવર્સીટી, પાલડી ભઠ્ઠા, સેન્ટ્રલ મોલ/લો ગાર્ડન અને એચ કે કોલેજ નજીક રીવરફ્રન્ટ જેવા મોટા સ્થળોએ આયોજિત કરાશે. પસંદ કરવામાં આવેલ વ્યક્તિને બારાતનાં પ્રસારણમાં સામેલ થવાનો અને બિકાનેરમાં જેનું શૂટ શેડ્યુલ કરવામાં આવ્યું છે તે વેડિંગ શૂટનો એક ભાગ બનાવાનો મોકો મળશે.

આના વિશે વાત કરતાં અભિનેત્રી મોહેના કુમારી સિંઘ ઉર્ફ કીર્તિ કહે છે, “હું મારા ભાઈ કાર્તિકનાં નાઈરા સાથે લગ્ન માટે ખુબ ઉત્સાહિત છું. હું , ૫મી ફેબ્રુઆરીએ તમારા શહેરમાંથી સૌથી જોશીલા બારાતીને શોધવા માટે અમદાવાદ આવીશ. અમે એક સ્પર્ધાનું આયોજન કરીશું અને બારાત માટે ૩ સૌથી વધારે ઉત્સાહી ઉમેદવારો પસંદ કરીશું. હું આખા અમદાવાદનાં ચાહકોને આવી અને આ મજેદાર પ્રવૃત્તીનો ભાગ બનવાની અપીલ કરું છું.” (૮)

કલ્યાણ જ્વેલર્સ પ્રસ્તુત કરે છે વિશેષ વેલેન્ટાઈન્સ ડે જ્વેલરી કલેક્શન

કલ્યાણ જ્વેલર્સ, ભારત નું સૌથી વિશ્વસનીય અને અગ્રણી ઝવેરાત ની બ્રાન્ડ, વેલેન્ટાઈન્સ ડે ઉજવવા માટે ખાસ કલેક્શન રજુ કરે છે. આ દિવસ ના રસિક અને રોમાંચક માહોલ ને ધ્યાન માં રાખતા આ અદ્ભુત કલેક્શન માં દિલ ના આકાર ના પેન્ડેન્ટ, બુટીયો અને ચૈન પ્રસ્તુત કરવા માં આવ્યા છે. આ કલેક્શન કલ્યાણ જ્વેલર્સ ના સમકાલીન અને પારંપરિક ડિઝાઈન નો એકીકરણ છે જેમ કે અનોખી - અચ્છીન્ન હીરાઓ, ગ્લો-ડાન્સિંગ હીરાઓ અને રંગ - કિંમતી રત્નો નું લોકપ્રિય કલેક્શન. વેલેન્ટાઈન્સ ડે ની આ ઉજવણી ને વધુ ચમકદાર બનાવવા માટે કલ્યાણ જ્વેલર્સ એક અનેરો પ્રસ્તાવ કરે છે જેમાં ગ્રાહકો ને કલ્યાણ જ્વેલર્સ ની બ્રાન્ડ એમ્બેસેડર અને ફેશન ની પ્રતિમારૂપ એવી સોનમ કપૂર ને દુબઈ માં મળવા ની તક મળશે. આ સુંદર તક જીતવા માટે ગ્રાહકો ને દેશભર ના કોઈ પણ કલ્યાણ જ્વેલર્સ ના શોરૂમ માંથી વેલેન્ટાઈન્સ ડે ના ખાસ કલેક્શન માં થી ખરીદી કરવાની રહશે. ખુશનસીબ વિજેતાઓ ને ખાસ યોજવામાં આવેલા મસ્તી ભર્યા અને રમતીયાળ માહોલ માં સોનમ કપૂર ને મળી શકશે. આ ઓફર સંયુક્ત આરબ એમિરાત, કતર અને કુવૈત ના કલ્યાણ જ્વેલર્સ ના ગ્રાહકો માટે પણ મુકવા માં આવી છે.

કલ્યાણ જ્વેલર્સ ના એક્ઝેક્યુટીવ ડાઈરેકટોર, માર્કેટિંગ એન્ડ ઓપરેશન્સ, શ્રી રમેશ કલ્યાણરામણ નું કેહવું છે કે "કલ્યાણ જ્વેલર્સ નું વેલેન્ટાઈન્સ ડે કલેક્શન લોકો ને તક આપે છે કે તેઓ પોતા ના પરિવાર, મિત્રો અને સ્નેહીઓ માટે પોતાનું પ્રેમ વ્યક્ત કરી શકે. અમારું કલેક્શન પ્રેમ અને સથવારા ના અમર બંધન નો સાર છે. અમને ખૂબ આનંદ છે કે અમે દુબઈ માં સોનમ કપૂર નું સ્વાગત કરીયે છે અને વિજેતા સાથે આ અવસર ઉજવવીએ છે. અમને આશા છે કે અમે તેઓ માટે વેલેન્ટાઈન્સ ડે યાદગાર બનાવશું". (૧-૭)

ભાસ્કર એન્ટરટેઈનમેન્ટ એન્ડ આર ફિલ્મસ પ્રોડક્શનની ‘તૃપ્તિ’ ફિલ્મમાં પોલીસ ઓફીસરની ભૂમિકાને ઉજાગર કરતો સંજય મોર્ય

સંજય મોર્ય એક એવો અભિનેતા છે, જે દરેક રોલમાં ઉમદા અભિનય આપવામાં માહેર છે. તેણે એક્શનની સાથે રોમેન્ટિક રોલ પણ કર્યાં છે, અભિનેત્રી કિરણ આચાર્યની સાથે તેણે છેલ્લે દે તાલી નામની ફિલ્મમાં એક સફળ જોડી તરીકે લોકોમાં ચર્ચાઓ ઉભી કરી હતી. હવે તે ભાસ્કર એન્ટરટેઇનમેન્ટ એન્ડ આર.ફિલ્મસ પ્રોડક્શન પ્રસ્તુત ‘તૃપ્તિ’ ફિલ્મમાં એક પોલીસ ઓફિસરનો રોલ કરી રહ્યો છે. તે આ ફિલ્મમાં કેવી રીતે આ મીસ્ટ્રીને શોધે છે એ તો ફિલ્મ જોયા પછી જ ખબર પડે પણ તેના અભિનયની નોંધ તો દર્શકોએ ચોક્કસ લીધી છે.

‘તૃપ્તિ’ ફિલ્મના નિર્માતા રાજુ ગડા અને ઈશ્વર જાતાવડીયા છે. દિગ્દર્શક શબ્બીર શેખ છે. સહનિર્માતા મણીલાલ ગામોટ, અજય ગોર, અલીભાઈ ખલીફા અને ગફુરભાઈ ખલીફા છે. સહદિગ્દર્શનમાં સાકેત ચૌધરી છે. કથા રાજુ ગડાએ પોતે જ લખી છે જ્યારે પટકથા અને સંવાદો ઝાકીર અહેમદના છે.

ફિલ્મમાં બે ગીતો છે જેને શબ્દદેહ આપ્યો છે હિતેન આનંદપરાએ. ફિલ્મના કલાકારોમાં લોકપ્રિય અને જાણીતા આયુષ જાડેજા, ટીકુ તલસાણીયા, સંજય મૌર્ય, ઉષા ભાટિયા, ઝીલ જોશી, વૃત્તિ ઠક્કર, મિત્તલ ગોહિલ અને એક બાળકલાકાર કુશલ માવાણી પોતાનો લાજવાબ અભિનય કરતા જોવા મળશે.

શહેરના બોડકદેવ વિસ્તારમાં ઓડિટોરીયમને ખુલ્લુ મુકાયું

અમદાવાદ, શહેરના નવા પશ્ચિમઝોનમાં આવેલા બોડકદેવ વોર્ડમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂપિયા ૩૭ કરોડના ખર્ચથી તૈયાર કરવામાં આવેલા હાઈટેક ઓડીટોરીયમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.શહેરના બોડકદેવ વિસ્તારમાં નવા બનાવવામાં આવેલા હાઈટેક ઓડીટોરીયમ ૧૦૫૦ લોકોને બેસાડી શકાય એ ક્ષમતા ધરાવે છે.આ અગાઉ શહેરના પશ્ચિમઝોનમાં પાલડી વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાગોર હોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું.મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આજરોજ જેનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.એ આધુનિક ઓડીટોરીયમના નિર્માણ પાછળ મ્યુનિસિપલ તંત્ર દ્વારા રૂપિયા ૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.આજે યોજવામાં આવેલા આ લોકાર્પણના કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે પણ હાજરી આપી હતી.આ ઉપરાંત શહેરના મેયર ગૌતમ શાહ,ડેપ્યુટી મેયર પ્રમોદાબહેન સુતરીયા,સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પ્રવિણભાઈ પટેલ સહીત અનેક કોર્પોરેટરો અને પદાધિકારીઓએ હાજરી આપી હતી.શહેરના રાજપથ કલબની પાછળ ખુલ્લા મુકવામાં આવેલા આ આધુનિક ઓડીટોરીયમમાં કાર્યરત કરવામાં આવેલી સાઉન્ડ અને લાઈટીંગ સિસ્ટમ ખુબ આકર્ષણ જમાવશે.મેયર ગૌતમ શાહે આ ઓડીટોરીયમના લોકાર્પણને પરિણામે આસપાસના વિસ્તારના બે લાખથી વધુ લોકોને ઓડીટોરરીયમનો લાભ મળશે.એમ જણાવ્યું હતું.તો આ પ્રસંગે હાજર રહેલા પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે આ ઓડીટોરીયમ માટે નકકી કરવામાં આવેલા ભાડાના દર ઘટાડી લોકોને પોસાય એવા રાખવા કહ્યું હતું.

ગુજરાત ખાતે 'સૌનો સાથ-સૌના વિકાસમાં મિડીયાનું યોગદાન' વિષયક સેમિનારનું આયોજન

ગાંધીનગર, છેલ્લા ૩૧ વર્ષથી દેશભરના મિડીયા અને સરકાર વચ્ચે સેતુરૂપ કાર્ય કરતી ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ ન્યુઝ પેપર્સ (ઈફસમન) દ્વારા આગામી તા. ૧૧-૦૨-૨૦૧૭, શનિવારના રોજ ગાંધીનગર મુકામે મિડીયાના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમિનારમાં સંસ્થાની નેશનલ કમિટીના હોદ્દેદારો અને રાષ્ટ્રના વિવિધ રાજ્યોમાંથી ૧૫૦થી વધારે માલિકો, તંત્રીશ્રીઓ જયારે ગુજરાતના વિવિધ જીલ્લાઓમાંથી ૨૫૦થી વધારે માલિકો, તંત્રીઓ આમ કુલ ૪૦૦થી વધારે મિડીયાના મહેમાનો ઉપસ્થિત રહેનાર છે.

તા. ૧૧-૦૨-૨૦૧૭ના રોજ સવારે ૧૦ થી ૫ દરમ્યાન યોજાનાર આ સેમિનારમાં પ્રથમ સત્રમાં 'સૌનો સાથ - સૌના વિકાસમાં મિડીયાનું યોગદાન' વિષયક વિવિધ આયામો ઉપર ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે. બીજા સત્રમાં મિડીયાને લગતા પ્રશ્નોની ચર્ચા કરીને પ્રશ્નોનું સંકલન કરીને આવેદન પત્ર તૈયાર કરવામાં આવશે તેવું નેશનલ સેક્રેટરી જનરલ લક્ષ્મણ પટેલે જણાવેલ છે. રાષ્ટ્રભરમાંથી આવેલા તંત્રીઓ માટે બે દિવસીય પ્રવાસનું આયોજન પણ કરવામાં આવેલ છે.

આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા માટે ગુજરાતના સૌ તંત્રીઓને સાદર આમંત્રણ છે. કાર્યક્રમના સુચારુ આયોજન માટે આપના આગમનની જાણ આ સાથેના ફોન નંબર ૯૯૯૮૨૬૬૩૪૪, ૯૬૨૪૦૨૩૪૯૩,૮૧૬૦૧૬૭૦૨૧, ૯૯૯૮૫૦૨૦૯૮ ઉપર કરવા નમ્ર વિનંતી.

ઉત્તરપ્રદેશમાં ભાજપ સરકાર બનશે : અમિત શાહ

લખનૌ, ભાજપ પ્રમુખ અમિત શાહે આજે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં ભાજપ સંપૂર્ણતાકાત સાથે સત્તામાં આવશે તેમણે કહ્યું હતું કે, તેમની પાર્ટી એકલા હાથે આગામી સરકાર બનાવશે. એક ટીવી ચેનલ દ્વારા આયોજિત કાર્યક્રમમાં બોલતા અમિત શાહે કહ્યું હતું કે, જો સમાજવાદી પાર્ટીને જીતવા માટે વિશ્વાસ છે તો કોંગ્રેસ સાથે મળીને ગઠબંધન સાથે આગળ વધવાની જરૂર શું છે. સમાજવાદી પાર્ટીના નેતાઓને હાર દેખાવવા લાગી ગઈ છે. આજકારણસર કોંગ્રેસ સાથે હાથ મિલાવવામાં આવ્યા છે. અમિત શાહે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશ છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ક્રાઈમ ચાર્જમાં પ્રથમ સ્થાને છે. વિકાસના તમામ પરિબળોમાં સૌથી નીચે છે. ઉત્તરપ્રદેશમાં દરરોજ ૧૬ હત્યાઓ અને ૨૩ બળાત્કારો થઇ રહ્યા છે. અખિલેશ યાદવે મોટાભાગે એવા ધારાસભ્યો અને પ્રધાનોને ટિકિટ આપી છે જેમને લઈને પ્રશ્નો થતાં રહ્યા છે. શાસનવિરોધી પરિબળોનો પ્રવાહ મોટાભાગના મતવિસ્તારમાં જોઇ શકાય છે. લોકો પરિવર્તન ઈચ્છી રહ્યા છીએ. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધન મતદારોને ગેરમાર્ગે દોરવા માટે બનાવવામાં આવી છે. પ્રથમ અને બીજા તબક્કાના મતદાનમાં બંને પાર્ટી ૧૨ સીટો ઉપર મૈત્રીપૂર્ણ ચૂંટણી લડનાર છે. લખનૌ મધ્યમાં આ સ્થિતિ જોવા મળશે.

ગોયલ એસોસીએટ્સ લીમીટેડ

૨૧૫ સાકાર-૨, એલીસબ્રીજ કોર્નર પાસે, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૬.
ઈ-મેઈલ: info@goyalassociatesltd.com
CIN : L74999GJ1994PLC023281

નોટીસ

આથી અહીં નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટરોની મીટીંગ તેની રજીસ્ટ્રાર ઓફિસ ખાતે તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના સોમવાર બપોરે ૩ વાગે ૩૧મી ડિસેમ્બર,૨૦૧૬ ના રોજ નવ મહિને અને ત્રિમાસિકે પુરા થતા અનઓડીટેડ નાણાંકીય પરિણામોની મંજુરી માટે મળશે. કંપનીના લેવડ દેવડની કામગીરી નિમણુંક કરેલા વ્યકિત માટે (કંપનીના કોડ તરીકે વર્ણવેલો) તા.૬મી ફેબ્રુઆરી,૨૦૧૭ થી કંપનીના નાણાંકીય પરિણામોની જાહેરાત થયા બાદના ૪૮ કલાક સુધી બંધ રહેશે.

બોર્ડના આદેશથી
સહી/-
સ્થળ : અમદાવાદ — વિનય અગ્રવાલ
તારીખ : ૦૪-૦૨-૨૦૧૬ — (મેનેજીંગ ડીરેક્ટર)

SHRI ASTER SILICATES LIMITED
(CIN No.: L01403GJ1996PLC030581)
Regd. Office: Plot No. 831, B/h. J.M. Huber Chemicals, Jhagadia GIDC, Jhagadia, Dist. Bharuch- Gujarat 393 110.
Tel.: 91-7940306771 Fax: +91-7940306771
Website: www.astersilicatesltd.com,
Email: aster_silicates@yahoo.com

NOTICE

Notice is hereby given, pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that a Meeting of the Board of Directors of the Company is scheduled to be held on 13th February, 2017 **at 3.00 p.m. at B-506 "INFINITY" Nr. Hotel Ramada, Corporate Lane Road, Praladnagar Garden Satellite Ahmedabad - 380015** to, inter alia, to consider and approve the unaudited Financial Results of the Company for the quarter ended 31st December, 2016. The said Notice may be accessed on the Company's websites at www.astersilicatesltd.com and may also be assessed on the Stock Exchange website at www.bseindia.com & www.nseindia.com

For SHRI ASTER SILICATES LIMITED
Sd/-
Lekha Buch
Place: Ahmedabad — **Wholetime Director**
Date: 06th February, 2017 — **(DIN:- 07611756)**

INTERACTIVE FINANCIAL SERVICES LIMITED

A-1006, Premium House, Behind Handloom House, Ashram Road
Ahmedabad – 380009., Gujarat, India.
CIN : L65910GJ1994PLC023393, Ph. No. +91-79-2658-1240
www.ifinservices.com, info@ifinservices.com

NOTICE

Notice is hereby given that pursuant to Regulation 29 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015, Meeting of the Board of Directors of the Company will be held on **14th Febuary, 2017 (Tuesday)at 4.00 p.m.** at A-1006, Premium house, B/h Handloom house, Ashram road, Ahmedabad - 380009 inter alia, to consider, approve and take on record the Unaudited Financial results of the Company for the Quarter ended and Nine months ended on 31st December 2016.

By Order of the Board of Directors
Sd/-
Kishor Vekaria
Date: 06-02-2017 — Director
Place: Ahmedabad — DIN:07622663

RELIGARE | SME LOANS Values that bind

કબ્જા નોટીસ

((અનુચ્છેદ ૪) નિયમ ૮(૧))

આથી નીચે સહી કરનાર સત્તાવાર અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ, મેસર્સ રેલીગેર ફિનવેસ્ટ લીમીટેડ કે જેની રજીસ્ટર્ડ ઓફિસ રજો માળ, રાજલોક બિલ્ડિંગ, ૨૪ નેહરૂ પલેસ, ન્યુ દિલ્હી-૧૧૦૦૧૯, અને તેની કોર્પોરેટ ઓફિસ ૯મો માળ, પારસ ટ્વીન ટાવર્સ, ટાવર-બી સેક્ટર ૫૪, ગોલ્ફ કોર્સ રોડ, ગુરગાંવ-૧૨૨૦૦૨.(જે હવેથી અહી "આરએફએલ" તરીકે ઓળખાશે) ખાતે આવેલ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈનફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ હેઠલ નિયમ ૯ સાથે વાંચતા સેક્શન ૧૩(૧૨) હેઠળ **તા.૨૩.૧૧.૨૦૧૬ના** રોજ આપેલ માંગણા નોટીસમાં **મેસર્સ અનીલ લીમીટેડ, એસસેન્ટ લાઈફ સ્ટાઈલ પ્રા.લી., અમોલ શ્રીપાલ શેઠ અને પાયલ અમોલ શેઠ("કરજદાર/જામીનદાર/મોર્ગેજર")**ને નોટીસમાં જણાવ્યા પ્રમાણે **રૂા.૯,૮૭,૪૮,૫૯૧.૯૫/- (રૂપિયા નવ કરોડ, સત્યાંસી લાખ, અડતાલીસ હજાર, પાંચ સો એક્કાણું અને પંચાણુ પૈસા)** અને સાથે **તા.૧૬.૧૧.૨૦૧૬થી** વ્યાજ નોટીસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસમાં ભરી જવા જણાવવામાં આવ્યુ હતું.

કરજદાર/જામીનદાર/મોર્ગેજર અહી નોટીસમાં જણાવેલ રકમની ચુકવવામાં નિષ્ફળ ગયા છે અને અહી કરજદાર અને સામાન્ય જનતાને જણાવવાનું છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નિયમ ૯ વાંચતા સેક્શન ૧૩(૪) હેઠળ તેમને મળેલી સત્તા હેઠળ અહી નીચે વર્ણન કરવામાં આવેલ મિલ્કતનો **તા.૦૩.૦૨.૨૦૧૭**ના રોજ કબ્જો લીધુ છે.

કરજદાર/જામીનદાર/મોર્ગેજર અને લોકોને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર કરવો નહીં અને મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર આરએફએલના તાબામાં **રૂા.૯,૮૭,૪૮,૫૯૧.૯૫/- (રૂપિયા નવ કરોડ, સત્યાંસી લાખ, અડતાલીસ હજાર, પાંચ સો એક્કાણું અને પંચાણુ પૈસા)** અને તા. ૧૬.૧૧.૨૦૧૬ પછીના અન્ય વ્યાજ જો હોયે ના આધીન રહેશે.

સ્થાવર મિલ્કતનું વર્ણન નીચે છેઃ-

સર્વે નં. ૧૬૪/૨ જેનો માપ ૪૧૪૮ સ્કવેર મીટર્સ, ૧૬૪/૩ જેનો માપ ૩૯૪૬ સ્કવેર મીટર્સ, ૧૬૪/૪ જેનો માપ ૩૭૪૩ સ્કવેર મીટર્સ, કુલ ૧૧,૮૩૭ કે જે ટી.પી. સ્કીમ નં. ૨૩૯ ભાટ ખાતે આવેલ ફાઈનલ પ્લોટ નં. ૫૦ જેનો માપ ૮૨૮૬ સ્કવેર મીટર્સ કે મૌજે ભાટ ગામ, તાલુકા ગાંધીનગરની રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટમાં અને સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર ખાતે આવેલ મિલ્કતનો બધા હક્ક અને હિસ્સા સાથે અને જેની ચારે દિવારઃ-

ઉત્તર : સર્વે નં. ૧૭૪ પી અને ૧૫૬ પી, — **દક્ષિણ :** સર્વે નં. ૧૬૩ પી અને ૧૬૬ પી,
પૂર્વ : સર્વે નં. ૧૬૫ પી અને ૧૭૦ પી, — **પશ્ચિમ :** સર્વે નં. ૧૬૫ પી અને ૧૬૩ પી,

સ્થળ : ગાંધીનગર — **અધિકૃત અધિકારી**
તારીખ : ૦૩.૦૨.૨૦૧૭ — **મેસર્સ રેલીગર ફિનવેસ્ટ લી.**

RELIGARE | SME LOANS Values that bind

કબ્જા નોટીસ

((અનુચ્છેદ ૪) નિયમ ૮(૧))

આથી નીચે સહી કરનાર સત્તાવાર અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ, મેસર્સ રેલીગેર ફિનવેસ્ટ લીમીટેડ કે જેની રજીસ્ટર્ડ ઓફિસ રજો માળ, રાજલોક બિલ્ડિંગ, ૨૪ નેહરૂ પલેસ, ન્યુ દિલ્હી-૧૧૦૦૧૯, અને તેની કોર્પોરેટ ઓફિસ ૯મો માળ, પારસ ટ્વીન ટાવર્સ, ટાવર-બી સેક્ટર ૫૪, ગોલ્ફ કોર્સ રોડ, ગુરગાંવ-૧૨૨૦૦૨.(જે હવેથી અહી "આરએફએલ" તરીકે ઓળખાશે) ખાતે આવેલ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈનફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ હેઠલ નિયમ ૯ સાથે વાંચતા સેક્શન ૧૩(૧૨) હેઠળ **તા.૨૩.૧૧.૨૦૧૬ના** રોજ આપેલ માંગણા નોટીસમાં **મેસર્સ અનીલ લીમીટેડ, અનીલ બાયોપ્લસ લીમીટેડ ("કરજદાર/જામીનદાર/મોર્ગેજર")**ને નોટીસમાં જણાવ્યા પ્રમાણે **રૂા.૯,૭૨,૦૫,૫૧૨.૭૪/- (રૂપિયા નવ કરોડ, બોતેર લાખ, પાંચ હજાર, પાંચ સો બાર અને ચુમોતેર પૈસા)** અને સાથે **તા.૧૬.૧૧.૨૦૧૬થી** વ્યાજ નોટીસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસમાં ભરી જવા જણાવવામાં આવ્યુ હતું.

કરજદાર/જામીનદાર/મોર્ગેજર અહી નોટીસમાં જણાવેલ રકમની ચુકવવામાં નિષ્ફળ ગયા છે અને અહી કરજદાર અને સામાન્ય જનતાને જણાવવાનું છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નિયમ ૯ વાંચતા સેક્શન ૧૩(૪) હેઠળ તેમને મળેલી સત્તા હેઠળ અહી નીચે વર્ણન કરવામાં આવેલ મિલ્કતનો **તા.૦૩.૦૨.૨૦૧૭**ના રોજ કબ્જો લીધુ છે.

કરજદાર/જામીનદાર/મોર્ગેજર અને લોકોને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર કરવો નહીં અને મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર આરએફએલના તાબામાં **રૂા. ૯,૭૫,૦૫,૫૧૨.૭૪/- (રૂપિયા નવ કરોડ, બોતેર લાખ, પાંચ હજાર, પાંચ સો બાર અને ચુમોતેર પૈસા)** અને તા. ૧૬.૧૧.૨૦૧૬ પછીના અન્ય વ્યાજ જો હોયે ના આધીન રહેશે.

સ્થાવર મિલ્કતનું વર્ણન નીચે છેઃ-

બ્લોક નં. ૧૧૮/એ (ઓલ્ડ સર્વે નં. ૧૭૮/૬) માપ ૨૫૧૫૨ સ્કવેર મીટર્સ અને બ્લોક નં. ૧૧૮/બી (ઓલ્ડ સર્વે નં. ૧૭૮/૬) માપ ૬૯૭૬૬ સ્કવેર મીટર્સની જમીન કે ગામ પાલડી, તાલુકા-સાવલી, ડિસ્ટ્રીક્ટ વડોદરા ખાતે આવેલ જમીનનો બધા હક્ક અને હિસ્સા સાથે અને જેની ચારે દિવારઃ-

ઉત્તર : સર્વે નં. ૧૧૭ અને ૧૧૯, — **દક્ષિણ :** સર્વે નં. ૧૧૩ અને ૧૧૯,
પૂર્વ : સર્વે નં. ૧૨૦ અને ૧૧૭, — **પશ્ચિમ :** સર્વે નં. ૧૧૩ અને ૧૧૯,

સ્થળ : વડોદરા — **અધિકૃત અધિકારી**
તારીખ : ૦૩.૦૨.૨૦૧૭ — **મેસર્સ રેલીગર ફિનવેસ્ટ લી.**

ઘણા ક્ષેત્રોમાં હજુય વધુ ક્ષાર ધરાવતુ પાણી લોકોને મળે છે

અમદાવાદ, મ્યુનિસિપલ તંત્ર તરફથી શહેરીજનોને આપવામાં આવતો પાણીનો પુરવઠો કલોરીન વાળો હોવા અંગે ત્રણ દિવસ પૂર્વે દૂધેશ્વર ખાતે આવેલી મ્યુનિ.સંચાલિત લેબોરેટરી દ્વારા દાવો કરવામાં આવ્યો હતો.આ દાવાને મણીનગર ખાતે આવેલી એક કોલેજ દ્વારા કરવામાં આવેલા સર્વેએ ખોટો સાબિત કર્યો છે.શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાણીમાં ટીડીએસ એટલે કે ક્ષારનું પ્રમાણ કેટલી માત્રામાં છે.તેના સર્વેમાં શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં સૌથી વધુ ૯૧૦ ટીડીએસ સાથે પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે.આ અંગેની વિગત એવી છે કે,મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોજ બે કલાક માટે શહેરીજનોને પીવાના પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે.તે ઉપર જો નજર નાંખવામાં આવે તો રોજ ૧૫૦ થી ૧૮૦ લીટર પાણીનો જથ્થો માથાદીઠ પુરો પાડવામાં આવી રહ્યો છે.માથા દીઠ સરેરાશ અમદાવાદમાં રોજ ૧૧૦ લીટર પાણીનો વપરાશ છે.મણીનગર વિસ્તારમાં આવેલી એક કોલેજના એસોસીએટ પ્રોફેસરો ઉપરાંત સિધ્ધપુર ખાતે આવેલી ગવર્મેન્ટ નર્સિંગ કોલેજના લેકચરર,સહીત કપડવંજ ખાતે આવેલી કોલેજના પ્રોફેસરો દ્વારા અમદાવાદ શહેરમાં આવેલા વિવિધ ૩૩ જેટલા સ્થળોએ જઈ આ વિસ્તારોને તંત્ર દ્વારા પુરા પાડવામાં આવી રહેલા પાણીમાં ટોટલ ડીસોલ્વ સોલીડ એટલે કે ટીડીએસની માત્રા ક્યાં અને કેટલી છે.આ અંગેની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.તેમના આ સર્વે દરમ્યાન એક લીટર દીઠ ટીડીએસની જે માત્રા હોવી જોઈએ.તેના કરતા ઘણી વધુ માત્રા જોવા મળી હતી.જે વિસ્તારોમાં ક્ષારનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું હતું.એવા આ વિસ્તારોમાં શહેરના વસ્ત્રાલમાં ૯૧૦,રામોલમાં ૮૮૨, સરદારનગરમાં ૮૨૬ અને બોપલ વિસ્તારમાં ૮૯૬ માત્રા ટીડીએસની જોવા મળી હતી.આમ મ્યુનિ.ગમે એટલા દાવાઓ કરે હજુ સુધી શહેરના તમામ વિસ્તારોમાં તંત્ર કલોરીનયુકત પાણી પહોંચાડવામાં પણ નિષ્ફળ રહ્યું છે.

જીવનશૈલીમાં સુધારો લાવવાથી વિકસતા કેન્સરનું જોખમ ઓછું કરવામાં મદદ મળી શકે છે!

અમદાવાદ, વિકસતા કેન્સરનું જોખમ ઓછું કરવા માટે તેનો પ્રતિબંધ જરૂરી છે. વિકસતા કેન્સરનું અચૂક કારણ વિશિષ્ટ રીતે જ્ઞાત નથી, પરંતુ દેખીતી રીતે જ કેન્સર સાથે સંકળાયેલાં જોખમનાં પરિબળો વિશે જાગૃત રહેવું જોઈએ. આપણી રોજબરોજની જીવનશૈલી સાથે ઘણાં બધાં જોખમનાં પરિબળો સંકળાયેલાં છે, જે નિવારી શકાય છે, પરંતુ આમાંથી અમુક પરિબળો આપણા નિયંત્રણની બહાર હોય છે.

કેન્સર માટે મુખ્ય કારણમાંથી એક ઉંમર છે અને ઉંમર વધે તેમ જોખમ પણ વધે છે. ૫૫-૬૫ વય વર્ષ વચ્ચેના લોકો સામાન્ય રીતે વિકસતા કેન્સરના જોખમ માટે નિર્બળ હોય છે. સ્તન અને ગ્રીવાનું કેન્સર સ્ત્રીઓમાં સૌથી વધુ હોય છે, જયારે માથું અને ગળું, મોઢું અને ફેફસાનું કેન્સર પુરુષોમાં સૌથી વધુ હોય છે એવું માનવામાં આવે છે.

ઈન્ડસ હેલ્થ પ્લસના પ્રિવેન્ટિવ હેલ્થકેર સ્પેશિયાલિસ્ટ અને જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી અમોલ નાઈકવાડીએ જણાવ્યું હતું કે ભારતમાં દર વર્ષે કેન્સરનાં લગભગ ૧૨-૧૪ લાખ નવા કેસો નોંધાય છે અને સ્ત્રીઓની તુલનામાં પુરુષોને તે વધુ સામાન્ય છે. જોકે બધા કેન્સરના કિસ્સામાંથી એકતૃતીયાંશ જીવનશૈલીમાં ફેરફાર અને વહેલા નિદાનથી નિવારી શકાય છે. સમુદાયો, ખાનગી ખેલાડીઓ અને લોકોએ પણ વ્યક્તિગત સ્તરે એકત્ર આવવું જોઈએ અને દરેકને ચિહનો, લક્ષણો અને વહેલા નિદાન વિશે સુશિક્ષિત કરવા જોઈએ, જે કેન્સરથી હયાતિ સુધારશે અને લોકોને આરોગ્યવર્ધક પસંદગીઓ અપનાવવા માટે સશક્ત બનાવશે. (૧૯-૧૦)

નીતિશે કમળમાં રંગ પુરતા નવી ચર્ચા શરૂ

પટણા, બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પટણામાં ગાંધી મેદાન ખાતે આયોજિત પટણા બુક ફેરમાં એક કલાકાર દ્વારા બનાવવામાં આવેલા કમળમાં રંગ પુરતા નજરે પડતા આને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. આ હિલચાલને લઈને બિહારના રાજકારણમાં ચર્ચા છે. કેટલાક લોકો દાવો કરી રહ્યા છે કે, ભાજપને લઈને નીતિશકુમાર આકર્ષિત થઇ રહ્યા છે. અલબત્ત તેમની પાર્ટીએ ભાજપ સાથે સત્તાવારરીતે છેડો ફાડી લીધો છે પરંતુ ભાજપ પ્રત્યે તેઓ હજુ પણ પ્રભાવિત રહ્યા છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા લેવામાં આવી રહેલા દરેક પગલાને નીતિશકુમાર ટેકો આપી રહ્યા છે.

RELIGARE | SME LOANS Values that bind

કબ્જા નોટીસ

((અનુચ્છેદ ૪) નિયમ ૮(૧))

આથી નીચે સહી કરનાર સત્તાવાર અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ, મેસર્સ રેલીગેર ફિનવેસ્ટ લીમીટેડ કે જેની રજીસ્ટર્ડ ઓફિસ રજો માળ, રાજલોક બિલ્ડિંગ, ૨૪ નેહરૂ પલેસ, ન્યુ દિલ્હી-૧૧૦૦૧૯, અને તેની કોર્પોરેટ ઓફિસ ૯મો માળ, પારસ ટ્વીન ટાવર્સ, ટાવર-બી સેક્ટર ૫૪, ગોલ્ફ કોર્સ રોડ, ગુરગાંવ-૧૨૨૦૦૨.(જે હવેથી અહી "આરએફએલ" તરીકે ઓળખાશે) ખાતે આવેલ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈનફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ હેઠલ નિયમ ૯ સાથે વાંચતા સેક્શન ૧૩(૧૨) હેઠળ **તા.૨૩.૧૧.૨૦૧૬ના** રોજ આપેલ માંગણા નોટીસમાં **મેસર્સ અનીલ લીમીટેડ, એસસેન્ટ લાઈફ સ્ટાઈલ પ્રા.લી., અમોલ શ્રીપાલ શેઠ અને પાયલ અમોલ શેઠ("કરજદાર/જામીનદાર/મોર્ગેજર")**ને નોટીસમાં જણાવ્યા પ્રમાણે **રૂા.૩,૮૩,૭૪,૮૪૭.૫૦/- (રૂપિયા ત્રણ કરોડ, ત્રાંસી લાખ, ચુમોત્તર હજાર, આઠ સો સુડતાલીસ અને પચાસ પૈસા)** અને સાથે **તા.૧૬.૧૧.૨૦૧૬થી** વ્યાજ નોટીસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસમાં ભરી જવા જણાવવામાં આવ્યુ હતું.

કરજદાર/જામીનદાર/મોર્ગેજર અહી નોટીસમાં જણાવેલ રકમની ચુકવવામાં નિષ્ફળ ગયા છે અને અહી કરજદાર અને સામાન્ય જનતાને જણાવવાનું છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નિયમ ૯ વાંચતા સેક્શન ૧૩(૪) હેઠળ તેમને મળેલી સત્તા હેઠળ અહી નીચે વર્ણન કરવામાં આવેલ મિલ્કતનો **તા.૦૩.૦૨.૨૦૧૭**ના રોજ કબ્જો લીધુ છે.

કરજદાર/જામીનદાર/મોર્ગેજર અને લોકોને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર કરવો નહીં અને મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર આરએફએલના તાબામાં **રૂા.૩,૮૩,૭૪,૮૪૭.૫૦/- (રૂપિયા ત્રણ કરોડ, ત્રાંસી લાખ, ચુમોત્તર હજાર, આઠ સો સુડતાલીસ અને પચાસ પૈસા)** અને તા. ૧૬.૧૧.૨૦૧૬ પછીના અન્ય વ્યાજ જો હોયે ના આધીન રહેશે.

સ્થાવર મિલ્કતનું વર્ણન નીચે છેઃ-

શોરૂમ નં. જી-૧,જી-૨ અને જી-૩ માન ૨૮૩.૪૬ સ્કવેર મીટર એસ નં. ૫૮,૫૯માં સ્કીમ કેમ્પસ કોર્નર ફાર્મિંગ પાર્ટમાં, ટી.પી. સ્કીમ નં. ૨૦, એફ.પી.નં. ૭૧, સિટી સર્વે નં. ૩૨૫, મૌજે ચંગીસપુર, સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૩(મેનનગર) અને ડિસ્ટ્રિક્ટ અમદાવાદ ખાતે આવેલ મિલ્કતનો બધા હક્ક અને હિસ્સા સાથે અને જેની ચારે દિવારઃ-

ઉત્તર : માર્જીન અને ઓટીએસ, — **દક્ષિણ :** માર્જીન અને ઓટીએસ,
પૂર્વ : શોરૂમ નં.૪, — **પશ્ચિમ :** માર્જીન અને ઓટીએસ

સ્થળ : અમદાવાદ — **અધિકૃત અધિકારી**
તારીખ : ૦૩.૦૨.૨૦૧૭ — **મેસર્સ રેલીગર ફિનવેસ્ટ લી.**

AROMA ENTERPRISES (INDIA) LIMITED

Reg. Off: 88, Ajanta Commercial Center, Nr. Income Tax Circle, Ashram Road, Ahmedabad-380009
CIN: L51909GJ1994PLC021482 **Web:**www.aromaneterprises.in
E mail: compliance.mgc@gmail.com **Phone:** +91-79-27540175

NOTICE OF THE BOARD MEETING

Notice is hereby given that pursuant to Regulation 29 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Meeting of the Board of Directors of the Company will be held on Tuesday, 14th February, 2017 at 05:00 p.m. at 88, Ajanta Commercial Center, Nr. Income Tax Circle, Ashram Road, Ahmedabad – 380009 of the company inter alia, to consider, approve and take on record the Unaudited Financial results of the Company for the Quarter & Nine Months ended on 31st December, 2016.

For and on behalf of the Board
Sd/-
Ankit Shukla
Date: 06-02-2017 — Company Secretary &
Place: Ahmedabad — Compliance Officer

Hemo Organic Limited

CIN: L24231GJ1992PLC018224
Registered Office: 8-A, "Gulnar", Chinar - Gulnar Appt.
V V Nagar Road Anand – 388 001 **Phone:** +91 94260 75525
Email: info@hemoorganic.com **Website:** www.hemoorganic.com

NOTICE OF THE EXTRA-ORDINARY GENERAL MEETING AND E-VOTING INFORMATION

Notice is hereby given that:

1 The Extra-ordinary General Meeting (EGM) of the Company will be held at the Registered office of the Company situated at 8-A, "Gulnar", Chinar - Gulnar Appt. V V Nagar Road Anand – 388 001, on Friday, March 03, 2017 at 11:30 A. M. for Reduction of Issued, Subscribed and Paid-Up Capital of the Company and consequent to which, to approve the Consolidation of Equity Shares.

2. Electronic copies of the Notice of the EGM of the Company have been sent to all the members through Physical mode. The Notice of EGM is also available on the Company's website www.hemooganic.com;

3. Members holding shares either in physical form or in dematerialized form, as on the cut-off date of Friday, February 24, 2017 may cast their vote electronically on the Special Business as set out in the Notice of EGM through electronic voting system of Central Depository Services (India) Limited ("CDSL").

4. The Members are informed that (a) the physical dispatch of Notice of EGM and other documents was done on February 6, 2017 (b) the voting through electronic means shall commence on Tuesday, February 28, 2017 9:00 A.M. (IST); (c) the voting through electronic means shall end on Thursday, March 02, 2017 at 5:00 P.M. (IST); (d) voting through electronic means shall not be allowed beyond 5:00 P.M. on Thursday, March 02, 2017; (e) the Notice of the EGM is available on the Company's website www.hemooganic.com and CDSL's website https://evotingindia.com; and (f) In case you have any queries or issues regarding e-Voting, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-Voting manual available at www.evotingindia.com under help section or write an email to helpdesk.evoting@cdslindia.com.

By order of the Board of Directors
For, **Hemo Organic Limited**
--- sd ---
Dr. Dineshbhai Patel
Date: February 6, 2017 — **Chairman & Managing Director**
Place: Anand — **DIN: 00481641**

Hemo Organic Limited

CIN: L24231GJ1992PLC018224
Registered Office: 8-A, "Gulnar", Chinar - Gulnar Appt.
V V Nagar Road Anand – 388 001 **Phone:** +91 94260 75525
Email: info@hemoorganic.com **Website:** www.hemoorganic.com

NOTICE OF BOARD MEETING

NOTICE is hereby given that, pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the meeting of the Board of Directors of the Company is scheduled to be held on Tuesday, February 14, 2017 at 03:00 P.M. at the Registered Office of the Company situated at 8-A, Gulnar, Chinar - Gulnar Appt. V V Nagar Road Anand – 388 001, inter alia, to consider, approve & take on record the Unaudited Financial Results of the Company for the quarter and nine months ended on December 31, 2016 as per Regulation 33 of the Listing Regulation.

Pursuant to Regulation 47, afore said notice may be accessed on the Company's Website at www.hemoorganic.com and may also be accessed at the website of the Stock Exchange i.e. BSE Limited at www.bseindia.com.

For, Hemo Organic Limited
--- sd ---
Dineshbhai Shanabhai Patel
Date: February 6, 2017 — **Managing Director**
Place: Anand — **DIN: 00481641**

SUN SOURCE (INDIA) LIMITED

Registered Office: 1, SONAL INDUSTRIAL ESTATE (KHODA), SANAND-VIRAMGAM HIGHWAY, AHMEDABAD- 382 170.CIN: L40100GJ1992PLC017458. Email: info@sunsource.in website: www.sunsource.in

STATEMENT OF UNAUDITED (STANDALONE) FINANCIAL RESULTS FOR THE QUARTER AND THREE MONTHS ENDED 31ST DECEMBER, 2016

(Amount in Rupees)

Particulars	Quarter ending/ current year ending 31.12.2016	Year to date figures/Previous year ending 31.03.2016	Corresponding 3 months ended in the P.Y. 31.12.2015
Total income from operation (Net)	-	-	-
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items#)	- 283904/-	- 4519183/-	- 2260324/-
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#)	- 283904/-	- 4519183/-	- 2260324/-
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#)	- 283904/-	- 4519183/-	- 2260324/-
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	- 283904/-	- 4519183/-	- 2260324/-
Equity Shares Capital	143914610	143914610	143914610
Reserve (excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of previous year)	- 37620038/-	- 37358062/-	- 32842790/-
Earnings Per Share (of Rs. ___/- each) (for continuing and discontinued operations) -	- 0.02	- 0.31	- 0.16
Basic	- 0.02	- 0.31	- 0.16
Diluted	- 0.02	- 0.31	- 0.16

Note:-
a. The above is an extract of the detailed format of quarterly/Annual financial results filed with the stock exchanges under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the quarter/annual financial results are available on the stock exchange websites and also on Company's website www.sunsource.in
b. The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.
c. # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

For **Sun Source India Limited**
SD/-
Ashok Gajjar
Date: February 06, 2017 — Chairman
Place: Vadodara — DIN: 02137748

KEMISTAR CORPOATION LIMITED

604, MANAS, NEAR JODHPUR CROSS ROAD SATELLITE AHMEDABAD GJ 380015
CIN: L24233GJ1994PLC022845 Email: kemistarbse@gmail.com Web:www.kemistar.in

Abstract of Un-audited Financial Result (Standalone) for the quaretr month ended on 31st December,2016

(Rs. In Lakh)

Sr. no	Particulars	Quarter ending current year ending 31-12-2016	Year to date figures ending 31-12-2016	Corresponding 3 month ended in the year 31-12-2015
1	Total Income from operation	35.13	72.71	67.25
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items#)	0.98	2.2	1.98
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#)	0.98	2.2	1.98
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#)	0.98	2.2	1.98
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	0.98	2.2	1.98
6	Equity Share Capital	67.13	67.13	839.24
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	2.62	2.62	-771.15
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - 1. Basic:	0.015	0.015	0.24
	2. Diluted:	0.015	0.015	0.24

Note:
a) The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity. (URL of the filings).
b) The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.
C) # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

For, Kemistar Corporation Limited
Sd/-
Ketan Patel
Place: Ahmedabad — Managing Director
Date: 06/02/2017 — (DIN -01157786)

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com